સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
હુકમ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૦/૪૦૭૭૦૨/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૦૪/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮ નો તા.૧૨/૧૨/૨૦૧૮ નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૪૫૦/૨૦૧૯, એસ.સી.એ.નં. ૭૧૭૧/૨૦૨૦ નો તા.૦૮/૦૬/૨૦૨૦ નો ચુકાદો, એસ.સી.એ.નં. ૭૪૨૦/૨૦૨૦ નો તા.૧૫/૦૬/૨૦૨૦ નો ચુકાદો અને એસ.સી.એ.નં. ૬૬૯૭/૨૦૨૦ નો તા.૨૯/૦૬/૨૦૨૦ નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/૫.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ ના પત્ર ક્રમાંક :અપગ/ ૧૦૨૦૧૮/ ૪૯૪૩૩૦/છ.૧.

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ ના પત્ર ક્રમાંક : અપગ/ ૧૦૨૦૨૦ / ૧૯૪૭૯૮/છ.૧

(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૬/૦૮/૨૦૨૦ નો પત્ર ક્રમાંક : અપગ/ ૧૦૨૦૨૦ / ૧૯૧૬૧૨ / છ.૧

(૯) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૮/૦૫/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: મકમ- ૧૦૨૦૦૪-ખા-૬૩-છ.

(૧૦) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૫/૧૦/૨૦૨૦ નો પત્ર જા.નં.અપગ/૨૦- ૨૧/૬૩૭.

હુકમ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૬) થી (૮) પરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે, જે અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૦)

પરના પત્રથી આ પીટીશનરો પૈકી કુલ-૧૧ પીટીશનરોનું વર્ગ-૨ નું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ વંચાણે લીધેલ ક્રમાંક (૯) પરના વિભાગના તા.૨૮/૦૫/૨૦૦૪ના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની અધ્યક્ષ સ્થાને વિભાગના સમિતિ ખંડમાં બેઠક યોજાયેલ હતી. સમિતિ દ્વારા કેસો પરત્વે થયેલ ભલામણો નાણા વિભાગને સમર્થન આપવા દરખાસ્ત કરતાં નાણા વિભાગ દ્વારા ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા મંજૂરી આપવામાં આવેલ છે, જે અન્વયે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ દરખાસ્ત હેઠળના ૧૧ કર્મચારીઓ પૈકી નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૯ કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫)માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | કયા તબક્કાનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપત્ર | મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ |
| ૧ | વિણાબેન કેશવલાલ દવે, મદદનીશ શિક્ષક | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૧૫/૦૭/03 |
| ૨ | ભારતીબેન જયંતીલાલ ભટ્ટ, મદદનીશ શિક્ષક | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૧૪/૦૬/૦૨ |
| 3 | સુશીલાબેન વી. સોની, મદદનીશ શિક્ષક | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૨૪/૦૭/૯૯ |
| ૪ | કુ. મિનલ જયંત પારેખ, મદદનીશ શિક્ષક | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૦૧/૦૬/૯૯ |
| ૫ | હેમલતાબેન એમ. પટેલ, મદદનીશ શિક્ષક | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૦૧/૦૭/0૧ |
| ૬ | જયશ્રીબેન કે. પુરાણી, મદદનીશ શિક્ષક | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૧૧/૦૮/03 |
| ૭ | જશોદાબેન એમ. પરમાર, મદદનીશ શિક્ષક | દ્વિતિય | ૬૫૦૦-૧૦૫૦૦ | તા.૧૫/૧૧/૯૯ |
| ૮ | માલતીબેન ડી. પટેલ, ઉદ્યોગ શિક્ષક | તૃતિય | ૪૪૯૦૦ – ૧૪૨૪૦૦ લેવલ-૮ | તા.૧૬/૦૭/૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯. | ખિમજીભાઈ એલ. પટેલ, ઉદ્યોગ શિક્ષક | તૃતિય | ૪૪૯૦૦ – ૧૪૨૪૦૦ લેવલ-૮ | તા.૦૧/૦૬/૧૨ |

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત કર્મચારીઓની મૂળ નિમણૂંક સમયે નિમણૂંકની યોગ્ય લાયકાતો તથા તે મુજબ પગાર ધોરણ આપેલ છે કે કેમ તેની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે અને તે મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણની અન્ય શરતો ચકાસીને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- સંબંધિત કર્મચારીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.